# ૭૩મા પ્રજાસત્તાક દિનની ઉજવણી

આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા ૭૩મા પ્રજાસત્તાક દિનની ઉજવણી તા.૨૬/૦૧/૨૦૨૨ ના રોજ સવારે ૮.૩૦ કલાકે યુનિવર્સિટી ભવન ખાતે માન. કુલપતિશ્રી ડૉ. કે.બી. કથીરીયાના વરદ હસ્તે ધ્વજ ફરકાવી કરવામાં આવેલ. આ રાષ્ટ્રીય પર્વની ઉજવણીમાં પ્રવર્તમાન નોવેલ કોરોના વાઇરસ (કોવીડ-૧૯) ના સંક્રમણનો ફેલાવો ન થાય તે માટે સોશિયલ ડીસ્ટન્સીંગનું પાલન કરીને યુનિવર્સિટીના સર્વે અધિકારીશ્રીઓ, યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ, કર્મચારીઓ વગેરે ઉપસ્થિત રહેલ. આ પ્રસંગે માન. કુલપતિશ્રી ડૉ. કે.બી. કથીરીયા દ્વારા પ્રાસંગીક પ્રવચનમાં દેશની આઝાદી દરમ્યાન સ્વાતંત્ર્ય સેનાનીઓને યાદ કરેલ, નમન કરેલ અને માં ભોમની રક્ષા કાજે શહીદ થયેલા જવાનોને શ્રધ્ધાસુમન અર્પિત કરેલ. હાલમાં સમગ્ર દેશભરમાં આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી વિવિધ પ્રવૃતિઓ દ્વારા કરવામાં આવી રહી છે. આણંદ કૃષિ યુનિવર્સિટીની બી.એ. કોલેજ ઓફ એગ્રીકલ્ચરના પણ ૭૫ વર્ષ પૂર્ણ થયેલ છે તે અંગે પણ જણાવેલ. આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે તાજેતરમાં પ્રી-વાઇબ્રન્ટ સમીટનું સફળતાપૂર્ણ આયોજન કરવામાં આવ્યું તે બદલ અધિકારીઓ અને કર્મચારીઓને બિરદાવેલ હતા. હાલનાં સમયમાં કોરોના મહામારીમાં પોતાના જીવના જોખમે કાર્ય કરી રહેલ કોવીડ વોરીયરની સેવાઓને પણ બીરદાવેલ. કોરોના મહામારીમાં પણ દેશે કૃષિ ક્ષેત્રે અવિરત વિકાસ સાધ્યો છે. તમામ યુનિવર્સિટીના સર્વે અધિકારીઓ, કર્મચારીઓ અને વિધાર્થીઓને યુનિવર્સિટી શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ ક્ષેત્રે જે ઝડપથી પ્રગતિ કરી રહેલ છે તેમાં હજુ ઉત્તરોતર વધુ પ્રગતિ કરે તેવું આહવાન આપેલ. કાર્યક્રમના ઉદઘોષક તરીકેની કામગીરી ડૉ. એન.ડી. જોષી દ્વારા કરવામાં આવેલ. પરેડ કમાન્ડન્ડ તરીકેની જવાબદારી લેફ્ટનન્ટ ઋચા દવે અને ધ્વજરક્ષક તરીકેની જવાબદારી ડૉ. એ.સી. વૈધએ નિભાવી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન માન. કુલપતિશ્રી ડૉ. કે.બી. કથીરીયાના માર્ગદર્શન હેઠળ નિયામકશ્રી, વિધાર્થી કલ્યાણ ડૉ. દિનેશ એચ. પટેલ દ્વારા કરવામાં આવેલ હતું.








